**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૭ ટકા

# સિવિલ હોસ્પિટલમાંથી નવજાત બાળકનું અપહરણ !

## નર્સ તરીકેની ઓળખ આપી મહિલા પ્રસુતા સાથે છાપરામાં રહી, બાળકનું વજન કરાવીને આવુ છું તેમ કહી મહિલા પલાયન, બાળકને શોધવા માટે પોલીસની વિવિધ ટીમો કામે લાગી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી એક નવજાત બાળકનું અપહરણ થયું છે. ગુરુવારના રોજ સવારના સાડાઅગીયાર વાગે બાળકનું વજન કરાવીનેઆવુ છુ તેમ કહી બાળકને લઈને મહિલા ગાયબ થઈ ગઈ છે. પ્રસુતાએ કલાકો સુધી રાહ જોયા બાદ સિવિલ તંત્રને જાણ કરી હતી. બનાવ અંગે મહિલાના પતિ રાકેશનાથની ફરીયાદ નોંધી પોલીસે તપાસ શરુ કરી છે. સિવિલમાંથી નવજાત બાળકનું અપહરણ થતા હાહાકાર મચી ગયો છે. ત્યારે આ બનાવમાં સિવિલમાં લગાડેલા સીસીટીવી કેમેરા કંઈ મદદરૂપ થાય છે કે માત્ર શોભાના ગાંઠીયા સમાન બની રહે છે તે જોવું રહ્યું.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અડાલજ ત્રિ-મંદિર સામે કાચા છાપરામાં રહેતા રાકેશ મીઠુનાથ જોગીનાથ કાલભેલીયા (ઉં.૧૯) કાગળ વીણીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. રાજસ્થાનના રાજસમદ જિલ્લાના દેવગઢ તાલુકાના હવાલા ગામના રાકેશના લગ્ન તેની બાજુના ગામ ઉમેર ખાતે ગાયત્રી દેવી સાથે થયા હતા. પતિ-પત્નિ બંને જણા અભણ છે. લગ્ન બાદ ગાયત્રી દેવીને સારા દિવસો જતા તા.૨૮ માર્ચના રોજ બપોરના ત્રણ વાગે પ્રસુતીની પીડા ઉપડતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયાં સાજના ૪ વાગે ગાયત્રીદેવીએ દિકરાને જન્મ આપ્યો હતો. બાળક અને માતા બંન્ને તંદુરસ્ત હોવાથી તા.૩૧ માર્ચના રોજ બપોરે ત્રણ વાગે રજા આપી હતી. તે દરમિયાન એક મહિલાએ પોતાની ઓળખ નર્સ તરીકે આપી ને ગાયત્રીદેવીને કહ્યું હતુ કે તમારા બાળકની સંભાળ માટે હોસ્પિટલમાંથી મને તમારા ઘરે આવવાનું કહ્યું છે. જેથી આ મહિલા પ્રસુતા સાથે ખીલખીલાટ વાનમાં પણ ગોઠવાઈ ગઈ હતી અને અડાલજ ખાતે અમારા ઘરે ગયા હતા.ત્યારબાદ તા.૩૧ ના રોજ રાત્રીના તે મહિલા પ્રસુતાના ઘરે રોકાઈ હતી. તા.૧ એપ્રિલના રોજ સવારે દશ વાગ્યાના અરસામાં આ મહિલાએ પ્રસુતાને જણાવ્યું હતું કે ટાંકા તોડવાના અને બાળકનું ચેકઅપ કરવાનું હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જવુ પડશે. જેથી ગાયત્રીદેવી અને અજાણી મહિલા રીક્ષામાં બેસીને ગાંધીનગર સિવિલ આવ્યા હતા. જયારે સાંજના ત્રણ વાગે ગાયત્રી દેવી ઘરે પરત ફર્યા હતા અને રાકેશનાથને બાળકના અપહરણ અંગે વાત કરી હતી.જેમાં ગાયત્રીદેવીએ જણાવ્યું હતુ કે સાડાઅગીયાર વાગ્યાના અરસામાં અજાણી મહિલા હોસ્પિટલમાં ગાયત્રીદેવીને બેસાડી બાળકનું વજન કરવાનું છે તેમ કહી બાળકને લઈ ગઈ હતી.ત્યારબાદ તે મહિલા પરત ન ફરતા હોસ્પિટલ ખાતે તપાસ કરતા તે મહિલા કે બાળક મળી આવ્યા ન હતા. જેથી ગાયત્રી દેવી કંટાળીને ઘરે પરત ફર્યા હતા.જેથી રાકેશનાથે પોતાના રાજસ્થાન ખાતે ગયેલા પિતાને બનાવની જાણ કરી હતી. રાજસ્થાનની પિતા આવ્યા બાદ રાકેશનાથે બાળકના અપહરણ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પીઆઈ.એસ.એસ.પવાર વધુ તપાસ હાથ ધરી છે.

# ન્યુ સરગાસણ વિસ્તારમાં સુયશ કોમ્પ્લેક્ષ ખાતે સામાન્ય બાબતે મારામારી

ગાંધીનગર, તા.૨

ન્યુ સરગાસણ વિસ્તારમાં ઉવારસદની સીમમાં આવેલા સુયશ કોમ્પ્લેક્ષ ખાતે ટોઈલેટમાં લઘુશંકા કરવા અંગે બે જુથ વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. બંન્ને પક્ષે દ્વારા ફરીયાદ નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ મારૂતિ આમ્રકુંજ ખાતે રહેતા દિલિપભાઈ પટેલ (ઉં.૪૬) ની ફરીયાદ મુજબ તેમના ભત્રીજાની સુયશ ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ ખાતે મકાન લે-વેચની દુકાન છે. તેમના ભત્રીજાને પાર્લર ચલાવતા પવન પટેલ સાથે સામાન્ય બાબતે માથાકુટ થઈ હતી. તેઓએ તેનુ સમાધાન પણ કરાવી દીધુ હતું. ત્યારબાદ સવા છ વાગે ફરી ભત્રીજાનો ફોન આવ્યો હતો. જેમાં પવન તેનો ભાઈ કિશન અને કોલવડાનો જૈમિન બેચરભાઈ પટેલ સહિત બે ગાડીમાં આઠ વ્યકિત ઝઘડો કરતા હોવાનું જણાવ્યું હતું. જેથી દિલિપભાઈ તાત્કાલીક ત્યાં પહોચ્યા હતા અને જોયુ તો તેમના ભત્રીજા અને ભાઈને મારતા હતા. જેમાં તેઓ વચ્ચે પડતા ફરીયાદી તેમજ અન્ય વ્યકિતને પણ આ શખ્સોએ માર માર્યો હતો. જેને પગલે દિલિપભાઈએ ઉવારસદના પવન પટેલ, કિશન પટેલ, અને કોલવડાના જૈમિન પટેલ, સામે ગુનો નોંધાવ્યો હતો. આ પવન સુરેશભાઈ પટેલ (ઉં.૩૮) પોલીસે ફરીયાદ નોંધાવી છે. તેમાં જણાવ્યા મુજબ તેઓ સાંજે કોમન બાથરૂમમાં પેશાબ કરવા અંગે બોલાચાલી બાદ સાંજે નિમિત પંકજભાઈ પટેલ (દેવશરણમ સોસાયટી ઉવારસદ) પાછલોગાળો બોલવા લાગ્યો હતો. તેથી પોતાના કાકા દિલિપભાઈ, પિતા પંકજભાઈ અને મિત્ર હરદેવસિંહ ઉમટ અને અન્ય શખ્સો આવી ગયા હતા. તેઓએ પવન અને કિશનને ગડદાપાટુનો માર માર્યો હતો. પવન પટેલની ફરીયાદને પગલે પોલીસે ચાર વ્યકિત સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરના રાજસ્થાની સમુદાયે રાજસ્થાન સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરી

## સે-૨૮ના રંગમંચ ખાતે કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સાથે કાર્યક્રમ યોજાયો : સમાજની ૨૭ વિશેષ પ્રતિભાઓનું સન્માન કરાયું




ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ખાતે વસતા રાજસ્થાની સમુદાય દ્વારા તા. ૩૦મી માર્ચે રાજસ્થાન સ્થાપના દિવસ નિમિત્તે સેકટર-૨૮માં રંગમંચ ખાતે ઉજવણી તથા ગૌરવ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના નેજા હેઠળ યોજવામાં આવેલા આ સમારોહમાં ગાંધીનગરના સમાજસેવક શ્રવણસિંહ રાવ અધ્યક્ષપદે તેમજ ગીરીશ શર્મા મુખ્ય અતિથિપદે અને ડાયમંડ ગૃપના જીગરભાઈ ત્રિવેદી અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

રાજસ્થાન સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે સંબોધતા શ્રવણસિંહે જણાવ્યું હતું કે 'રાજસ્થાન વીરોની ભૂમિ છે અને તેનો ઈતિહાસ ગૌરવપ્રદ છે તેમને એક રાજસ્થાની હોવાનું ગૌરવ છે.' આ પ્રસંગે સમાજસેવક ગીરીશ શર્માએ જણાવ્યું હતું કે 'રાજસ્થાનથી ગુજરાતમાં આવેલા રાજસ્થાનીઓ દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે.' રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માળીએ તમામ રાજસ્થાની નાગરિકોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે 'રાજસ્થાન સ્થાપના દિવસ તેમના માટે ગૌરવ અને સન્માનનો દિવસ છે.' આ સાથે તેમણે આ સમારોહના આયોજન માટે મદદરૂપ થનાર તમામ સંસ્થાઓ તેમજ સામાજિક અગ્રણીઓનો આભાર વ્યકત કર્યો હતો અને કોરોના કાળમાં લોકડાઉન દરમિયાન સમાજ દ્વારા જરૂરિયાતમંદોને ભોજન તથા અનાજ કરિયાણાની કીટનું વિતરણ, ગૌ માતા માટે ઘાસચારાની વ્યવસ્થા, સતત ૪૫ દિવસ સુધી આશરે ૮૦૦ જેટલી શ્રમિક વ્યકિતઓ માટે ભોજન વ્યવસ્થા વગેરે સેવા કાર્યો અંગે સૌને માહિતાગર કર્યા હતા. આ પ્રસંગે સમાજસેવકો, કોરોના યોધ્ધાઓ, વિલક્ષણ પ્રતિભાઓ મહિલા સેવિકાઓ વગેરે મળીને ૨૭ વ્યકિતઓને સન્માનિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહિલા સશકિતકરણ આંદોલનના પ્રતિક સમા રાજલ પુરોહિતે સમાજમાં મહિલાઓને જાગૃત થઈને આગળ વધવા પ્રેરિત કરી હતી. સમારોહમાં ભામાશા વિક્રમસિંહ રાજપુરોહિત, શિવશંકર જાટ, જીગર ત્રિવેદી, નીરવભાઈ, ધર્મવીર ચૌધરી, ગોવર્ધનસિંહ ચૌહાણ, રાજલ રાજપુરોહિત લોકનૃત્ય કલાકાર અર્ચના મિશ્રા, ઋતુ રાજપુરોહિત, ઉષા શર્મા, દેવયાની શેખાવત, રોશની પ્રજાપતિ, પૂજા ચારણ, સમાજસેવક રમેશ પંચાલ, મુકેશ પ્રજાપતિ, વિક્રમસિંહ રાજપૂત, રકતદાતા મહેન્દ્ર જોશી, મોતી મહારાજ, ગોપાલ શર્મા, તલકાજી મેઘવા, મધુભાઈ પ્રજાપતિ, મુપાજી પ્રજાપતિ, અશોકભાઈ તેલી, જગદાનભાઈ ગઢવી, સુરેશ જૈન વગેરેને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મુકેશકુમાર વ્યાસે કર્યું હતું તથા કાર્યક્રમમાં સંસ્થાના શિક્ષણમંત્રી રમેશ પંચાલે આભારવિધિ કરી હતી. કાર્યક્રમ કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સાથે યોજવામાં આવ્યો હતો.




તહેવારોની ઉજવણીમાં કોરોનાનું સંક્રમણ સતત આડે આવી રહ્યું છે. દરેક ધર્મના તહેવારો અત્યંત સાદાઈથી ઉજવવામાં આવી રહ્યા છે. હોળી-ધુળેટીની સાદાઈથી ઉજવણી કરવામાં આવી તે પછી મુસ્લિમોના શબેબારાત અને ખ્રિસ્તીઓના ગુડ ફ્રાઈડેની ઉજવણીમાં પણ કયાંય ઉમંગ ઉલ્લાસ જોવા ન મળ્યો. ગાંધીનગર શહેરમાં વધતા જતાં કોરોના સંક્રમણને પગલે શહેરના તમામ ચર્ચ બંધ રહ્યા હતા. ગુડ ફ્રાઈડેની ઉજવણી ઘરમાં જ રહીને કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



**જિગર બી પ્રજાપતિ**
આસી. એન્જિનીયર, સચિવાલય
મો. ૯૮૨૫૮ ૫૧૦૧૧



**ભૂમિ દેવેન્દ્રકુમાર પરમાર**
મો. ૯૧૨૩૨ ૧૯૨૩૧



**વ્યાસ વનશ્રી નીલકંઠ શાસ્ત્રી**



**મહેન્દ્રભાઈ ચૌહાણ**
મો. ૯૧૦૬૧ ૫૫૧૦૬

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ત્રિપુરામાં ૧૬ ચિકિત્સા શિબિર યોજી

ગાંધીનગર, તા. ૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૪ દિવસ સુધી ત્યાંજ રહીને ૧૬ ગામોમાં ચિકિત્સા શિબિર યોજી ૧૧૭૬ દર્દીને તપાસી દવા આપી હતી. લાલજુરી, મલાકાર બસ્તી, તુઈસમા, ગમસરપુરા, લક્ષ્મીપુર, પ્રભારામપુરા વિગેરે ગામો આવરી લઈ કુલ ૧૯૧ લાભાર્થીને ચશ્મા આપ્યા હતા. ત્યાનાં સ્થાનિક કાર્યકર્તાને તુલસીની માલા અને ૨૦૩ બહેનોને બીન્દીના પેકેટ આપ્યા. મિલિંદ ગુપ્તે, ડૉ. ચીતાણીયા ડૉ. બોઘાણી અને ભીમજી ગામેતી ઉત્તર ત્રિપુરાના કાંચીપુરમ વિસ્તારમાં રહી કાર્ય પાર પાડ્યુ હતુ.

# આજે કોબા ખાતે ગૌસેવા સંઘ આયોજિત ગૌ અધિકાર મંથન સભા યોજાશે

## ગુજરાતની ગૌશાળા અને પાંજરાપોળને કાયમી સહાય- સબસીડી મળે તે હેતુથી આયોજન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના કોબા સર્કલ ખાતે ૪૮ ગામ કડવા પાટીદાર સમાજની વાડીમાં તા. ૩જી એપ્રિલ શનિવારે સવારે ૧૧ કલાકે ગૌસેવા સંઘ આયોજિત ગૌ અધિકાર મંથન સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતની ગૌશાળા અને પાંજરાપોળને સરકાર દ્વારા કાયમી સહાય-સબસીડી મળે તે હેતુથી આ ગૌ અધિકાર મંથન સભાનું આયોજન કરાયું છે. આ સભામાં ગૌધામ મહાતીર્થ પથમેડાથી ગૌઋષિ સ્વામી પૂ. દત્તશરણાનંદજી મહારાજ તથા દૂધરેજથી મહંત કનીરામદાસ બાપુ, અમદાવાદના જમાલપુર ખાતેના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ, સાયલાના દુર્ગાદાસજી મહારાજ, લીમડીના લલિત દાસજી મહારાજ, દેકાવાડાથી કાલીદાસજી મહારાજ, અંજારથી ત્રિકમદાસજી મહારાજ, મોરબીથી કથાકાર કનકેશ્વરી દેવી, અમરેલીના વાલદાસ બાપુ તથા ગુજરાતના વિશેષ સંતો મહાપુરુષો તથા વિશેષ ગૌભક્તોનુ આગમન થશે. આ સાથે ગુજરાતના દરેક જિલ્લામાંથી ગૌશાળાઓ અને પાંજરાપોળના જવાબદાર કાર્યકર્તા ગૌ ભક્તોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે અને સભાના સમાપને ગૌ વ્રતી ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. રાવલ રતીલાલ મોહનલાલ** ઉ.વ. ૫૮, મહુન્દ્રા
- **સ્વ. સોલંકી પ્રભાબેન સોમાજી** ઉ.વ. ૮૫, પ્રતાપનગર, માણસા
- **સ્વ. પટેલ ઈશ્વરભાઈ કાકુદાસ** ઉ.વ. ૬૭, પેથાપુર
- **સ્વ. પટેલ જશુભાઈ મણીભાઈ** ઉ.વ. ૬૭, ધમાસણા, કલોલ
- **સ્વ. રાજદિપસિંહ મહિપતસિંહ બિહોલા** ઉ.વ. ૨૯, ઈન્દ્રોડા
- **સ્વ. વૈષ્ણવ પ્રમોદકુમાર મોહનલાલ** ઉ.વ. ૬૫, સેકટર-૨૪
- **સ્વ. ઠાકોર વજાજી મંગાજી** ઉ.વ. ૭૬, કુડાસણ
- **સ્વ. કાલગુડે તુકારામ સીતારામ** ઉ.વ. ૬૫, સેકટર-૫
- **સ્વ. ભટ્ટ ઉર્મિલાબેન સુરેશચંદ્ર** ઉ.વ. ૭૫, સેકટર-૨
- **સ્વ. વણઝારા વોરાભાઈ વાલાજી** ઉ.વ. ૬૭, બાસણ
- **સ્વ. ગરાસીયા અશ્વિનભાઈ પુંજાભાઈ** ઉ.વ. ૨૫, ચિલોડા મોટા
- **સ્વ. યાજ્ઞિક પ્રેમિલાબેન હેમંતકુમાર** ઉ.વ. ૯૩, સેકટર-૨૩

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. ઉપાધ્યાય પ્રશાંત ઈન્દ્રવદન** ઉ.વ. ૪૮, અલકાપુરી, વડોદરા
- **સ્વ. દેસાઈ કુસુમબેન કીરીટભાઈ** ઉ.વ. ૮૧, સેકટર-૫
- **સ્વ. પટેલ રામભાઈ ડોસાભાઈ** ઉ.વ. ૭૯, સેકટર-૩૦
- **સ્વ. સેઈલર પાર્વતીબેન ભાણાભાઈ** ઉ.વ. ૮૦, સેકટર-૬
- **સ્વ. પ્રજાપતિ પુરુષોત્તમભાઈ પુંજીરામ** ઉ.વ. ૬૦, સેકટર-૫
- **સ્વ. વાઘેલા શોભાબેન ફતેસિંહ** ઉ.વ. ૫૧, સરગાસણ
- **સ્વ. આચાર્ય શાંતિબેન ભગવાનભાઈ** ઉ.વ. ૮૮, સરગાસણ

# સ્વામિનારાયણ ગુરૂકુળે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના તમામ પ્રેકટીકલ્સ યુ-ટયુબ પર અપલોડ કર્યા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં સ્વમિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય દ્વારા ધોરણ:૧૨ના વિજ્ઞાન પ્રવાહના ગુજરાતી માધ્યમના પ્રેકટીકલ્સના તમામ લેકચર્સ યુ ટયુબના માધ્યમથી રાજયના દરેક વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના હેતુસર અપલોડ કરવામાં આવ્યા છે. છેલ્લા વીસેક દિવસથી ગુજરાતના દરેક ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓના વિદ્યાર્થીઓ માટે આ પ્રયોગને સારો પ્રતિસાદ મળી રહ્યો હોવાનું સ્કૂલના ડાયરેકટર ઉમંગભાઈ વસાણીએ જણાવ્યું છે.

કોરોના મહામારીના પગલે સૌથી ઘેરી અસર વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડવા પામી છે કેમ કે ગત માર્ચ ૨૦૨૦થી રાજયની શાળા-કોલેજો બંધ થઈ ગઈ હતી જે હજુ સુધી પૂર્ણ સ્વરૂપે શરૂ થઈ શકી નથી. વિદ્યાર્થી દેશનું ભાવિ છે અને વિદ્યાર્થીઓનું શિક્ષણ અવિરતપણે ચાલતું રહે તે જરૂરી હોવાથી સરકાર દ્વારા પણ ઓનલાઈન શિક્ષણ સહિતના વિવિધ પગલાં ભરવામાં આવ્યા છે. ગાંધીનગરની સ્વામિનારાયણ ગુરૂકુળના ગુજરાતી માધ્યમના ધોરણ-૧૨ના બોર્ડના પરીક્ષાર્થીઓ સારી રીતે તૈયારી કરી શકે તે હેતુથી વિજ્ઞાન પ્રવાહના તમામ પ્રેકટીકલ્સ યુ ટયુબ પર અપલોડ કરવામાં આવ્યા છે. જેનો લાભ માત્ર ગુરૂકુળના વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ રાજયના તમામ વિદ્યાર્થીઓને મળી શકે છે. આ પ્રેકટીકલ્સ જોવા માટે યુ ટયુબ પર ઈ-લર્નિંગ કોન્સેપ્ટ ટાઈપ કરવાથી મેળવી શકાય છે. સ્વામિનારાયણ ગુરૂકુળના આ નવતર પ્રયોગ વિદ્યાર્થીઓને મદદરૂપ બની શકશે.

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા 'ઈ વુમન એન્ટ્રોપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ' પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૨

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા નેશનલ સાયન્સ એન્ડ ટેનોલોજી એન્ટ્રોપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ બોર્ડ તથા ગ્રામીણ વિકાસ ફાઉન્ડેશન આણંદ સાથે સંલગ્ન રીતે ૨૫ દિવસના ઈ વુમન એન્ટ્રોપ્રેન્યોરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું ઓનલાઈન આયોજન વિદ્યાર્થીનીઓ માટે શરુ કરવામાં આવ્યું છે.

આ વર્કશોપના આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીના નવીનતમ વિચારોને પ્રોટોટાઈપથી એક સફળ પ્રોડકટ બનાવવા સુધીની સંપૂર્ણ યાત્રા સ્ટેપ બાય સ્ટેપ કેવી રીતે વધારી શકાય તેનું સંપૂર્ણ માર્ગદર્શન પરું પાડવાનો છે. આ પ્રોગ્રામ અંતર્ગત મુખ્યત્વે પાંચ મોડયુલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમનું સંચાલન કાર્યક્રમના કોર્ડીનેટર તથા પ્રોફેસર ડૉ. આરતી મોહન દ્વારા કરવામાં આવ્યું હતું. તથા પ્રોગ્રામના ઉદઘાટન માટે મુખ્ય મહેમાન તરીકે પદમિન બુચ (સિનિયર કોર્પોરેટ એડવાઈઝર એકસ એમડી-જીઆઈટીસીઓ) તથા પ્રનય શુકલા (પ્રોગ્રામ ડાયરેકટર, રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન) ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્યા ડૉ. રાગિન શાહ તથા ઉપાચાર્ય ડૉ. દિવ્યકાંત પટેલે ઉપસ્થિત મહેમાનોને આવકાર્યા હતા. આ પ્રોગ્રામની શોભા વધારવા માટે પ્રોગ્રામ ડાયરેકટર ચંદ્રમૌલી પાઠક (ઈન્ટરનેશનલ એકસપર્ટ ઓફ એન્ટ્રોપેન્યોરશીપ) ડૉ. કૃતિ પટેલ (સોશિયલ એન્ટ્રોપેન્યોર મેન્ટર એન્ડ સ્પીકર) તથા ડૉ. રાહુલ ભટનન્દાની( (કો ફાઉન્ડર, ગુજરાત યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રોગ્રામની શરૂઆતમાં ઈન્ટ્રોડકટરી સ્પીચ ડૉ. રાગિન શાહ દ્વારા આપવામાં આવી હતા તથા ડૉ. દિવ્યકાંત પટેલે મહેમાનોને આવકાર્યા હતા. આ વર્કશોપમાં ૩૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

# આત્મન ફાઉન્ડેશન દ્વારા રાપર તાલુકાના રણમાં અગરિયા પરિવારોને અનાજ કીટ, સ્લીપર, શાક વગેરેનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા એક જ અઠવાડિયામાં ખારાઘોડા બાદ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના આડેસરના રણ વિસ્તારમાં અગરિયા પરિવારોને ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. બળબળતા ઉનાળાના આકરા તાપમાં પણ સખત શ્રમ કરીને મીઠું પકવતા આ શ્રમિકોને ખાસ તો મળવા અને પ્રસાદ વિતરણ એ હેતુથી આત્મન દ્વારા દર વર્ષે એમની મુલાકાત લેવામાં આવે છે. તા.૨૮-૩-૨૦૨૧ એ આવવાજવાના લગભગ ૬૪૦ કી.મી.ની અંતરિયાળ મુસાફરી કરી એક કિલો ગોળ, મગ, ચોખા, તેલ, સ્લીપર અને બટાકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આડેસરના વરણું, ટગા, સુખપર, વિજાપર, કાયા વાઢ, મેઘાશ્રી, બામણસર, માંડવીયા, નાંદા, લખાગઢ, માખેલ - એમ વિવિધ અગરો પર મીઠું પકવતા શ્રમિકોને પ્રસાદ પહોંચાડાયો હતો. આ રણ વિસ્તારમાં લગભગ ૨૦૦ જેટલા અગરો હોવાનું સ્થાનિક કાર્યકરે જણાવ્યું હતું. રસ્તામાં ઉઘાડા પગે ચાલતાં મળેલા લોકોને પણ સ્લીપર નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણમાં આત્મનના પ્રજ્ઞા પટેલ, પ્રો.રાજેન્દ્રભાઈ વાઘેલા (માણસા), તુલજારામ મહેશ્વરી (અમદાવાદ) અને જશુભાઈ પટેલ (ગાંધીનગર) જોડાયા હતા. અગરિયા સમુદાયના સ્થાનિક અગ્રણી અને અગરિયા હિતરક્ષક મંચના કાર્યકર સુલેમાનભાઈ ભટ્ટી, સુમાર હાજી, અલીમહમદ હાજી, રસુલ જુમા, બચા બેચરા કોલી, ધરમશી ઘેલા કોલી, જીવણ મોમૈયા આહિર, ભલા વાલા આહિર વગેરેએ સહયોગ આપ્યો હતો. અગરિયા પરિવારોએ હૂંફનો ટહુકો કરવા માટે આત્મન સંસ્થાનો આભાર માન્યો હતો.